# મૃત્યુની પાસે જવું છે તો ઈશ્વર મને મૃત્યુ આપો...!

## સે-૧૧ બહુમાળી બિલ્ડીંગ પરથી સે-૨૩ની મહિલાએ લગાવી મોતની છલાંગ : પર્સમાંથી ત્રણ ચિઠ્ઠી મળી આવી : આપઘાતનું કારણ હજુ અસ્પષ્ટ

### ત્રણ ચિઠ્ઠીઓ મહિલાના પર્સમાંથી મળી

બહુમાળી બિલ્ડીંગ પરથી મોતની છલાંગ લગાવનાર હેલનના પર્સમાંથી ત્રણ ચિઠ્ઠીઓ મળી આવી હતી. એકમાં લખ્યું હતું કે 'હું જીંદગીથી કંટાળી આત્મહત્યા કરું છું, મારા મોત માટે કોઈ જવાબદાર નથી..'. બીજી ચિઠ્ઠી બેંકની સ્લીપ હતી તેના ઉપર લખ્યું હતું કે, 'હું બધાને બહુ હેરાન કરું છું એટલે મને જીવવાનો હક નથી' અને ત્રીજી ચિઠ્ઠીમાં લખ્યું હતું કે 'મૃત્યુની પાસે જવું છે તો ઈશ્વર મને મૃત્યુ આપો..' ત્રણ ચિઠ્ઠી લખીને તેમાં નામ સરનામું પણ લખેલું હતું...!

### બહુમાળી સ્યુસાઈડ પોઈન્ટ બન્યું...!

ચાર મહિલના પહેલા સે-૧૧ બહુમાળી બિલ્ડીંગ ઉરથી જ એક સ્યુસાઈડનો બનાવ બન્યો હતો. બિલ્ડીંગના સાતમા માળેથી એક યુવાને છલાંગ લગાવી આપઘાત કર્યો હતો. તે પહેલા પણ એક વર્ગ-૪નાં કર્મચારીઓ આ જ બિલ્ડીંગ પરથી પડતું મુકી આપઘાત કર્યો હતો. દરમિયાન આજે વધુ એક આપઘાત આ જ બિલ્ડીંગ પરથી છલાંગ લગાવીને એક મહિલાએ કર્યો છે. બહુમાળી બિલ્ડીંગ હવે સ્યુસાઈડ પોઈન્ટ બની ગયું હોવાની ચર્ચાએ જોર પકડયું હતું.

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧ ખાતે સ્થિત બહુમાળી બિલ્ડીંગ પરથી



વધુ એક એ છલાંગ લગાવી આપઘાત કરી લીધો હોવાની ઘટના બનવા પામી છે. સેક્ટર-૨૩ ખાતે રહેતી ૪૫ વર્ષીય મહિલાએ બિલ્ડીંગ પરથી ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. તેણીના મૃતદેહ પાસેથી મળેલા પર્સમાંથી ત્રણ ચિઠ્ઠી પણ મળી આવી હતી. જો કે તેમાં આપઘાતનું કારણ સ્પષ્ટ થયું નથી. તેમં તેણીએ લખ્યું છે કે 'મૃત્યુની પાસે જવું છે તો ઈશ્વર મને મૃત્યુ આપો...!' સે-૭ પોલીસે મહિલાનો મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી મહિતી મુજબ સેક્ટર-૨૩ ખાતે આવેલી સૌરભ સોસાયટીમાં રહેતી ૪૫ વર્ષીય મહિલા હેલનબેન વિલીયમ પરમાર આજે સમી સાંજે સે-૧૧ બહુમાળી બિલ્ડીંગ ખાતે આવી હતી. છઠ્ઠા મજલે ચઢીને હેલનબેને કોઈ અગમ્ય કારણોસર બિલ્ડીંગ પરથી પડતુ મુકી આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. તેણીના પર્સમાંથી ત્રણ ચિઠ્ઠીઓ મળી આવી હતી. જેમાં આપઘાત કરવા પાછળનું ચોકકસ કારણ સ્પષ્ટ થયું ન હતું. પરંતુ એક ચિઠ્ઠીમાં લખ્યું હતું કે 'મૃત્યુની પાસે જવું છે તો ઈશ્વર મને મૃત્યુ આપો...!' અને ત્રીજી ચિઠ્ઠીમાં તેના આપઘાત પાછળ કોઈ જવાબદાર ન હોવાનું તથા તેણીએ જીવવાનો કોઈ અધિકાર નથી... જેવા વાક્યો લખ્યા હતાં. પોલીસને ઘટનાની જાણ થતા પીએસઆઈ એસ.એમ.ચૌધરી તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને બંને ચિઠ્ઠી જપ્ત કરીને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# વૃદ્ધના મકાનની કંમ્પાઉન્ડ વોલમાં પાડોશીએ દરવાજો મુકયો

## દરવાજો દુર કરવા માટે પેથાપુરના વૃદ્ધની ઉચ્ચકક્ષાએ રજુઆત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલ પેથાપુરના ગોપાળનગરમાં વસવાટ કરતા એક વૃધ્ધ નાગરીકના મકાનની



કંમ્પાઉન્ડ વોલમાં પાડોશીએ દરવાજો તેમજ બારી ગોઠવી દેતા હોબાળો મચવા પામ્યો છે. મકાન માલિકે દરવાજો દુર કરવા માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

આ અંગે યોગ્ય નિર્ણય નહી આવે તો વૃધ્ધ નાગરીકે ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગરથી માત્ર પાંચ મિનિટના અંતરે પેથાપુર ગામ આવેલું છે. પેથાપુર ગામ વિકાસના પંથે છે. ગામમાં તેમજ આસપાસના વિસ્તારમાં સોસાયટીઓ નિર્માણ પામી છે. જયાં હજ્જારો લોકો વસવાટ કરે છે. પેથાપુર નગરપાલિકા વિસ્તારની હદમાં દેવભુમિ હોમ્સની બાજુમાં આવેલ ગોપાળનગરમાં પ્રવિણભાઈ દવે છેલ્લા ૧૭ વર્ષથી વસવાટ કરે છે. તેઓ જણાવે છે કે બેચરદાસના પુત્ર કેશવલાલ પટેલ પાસેથી ખુલ્લો પ્લોટ ૧૯૯૯માં ખરીદ્યો હતો. જેમાં મકાન બનાવી કંમ્પાઉન્ડવોલ બાંધી ઝાંપો મુકી ભોગવટો કરતા આવ્યા છીએ. જયારે તેમની બાજુમાં એક પોલીસ જવાન નવિન ઘર બનાવી રહ્યા છે. આ ઘરની પાછળનો ભાગ વૃદ્ધ નાગરીકના કંમ્પાઉન્ડવોલની બરોબર સામે પડે છે.અને ખુલ્લા કંમ્પાઉન્ડમાં દાખલ થવાય છે. આ નાગરીકની સામે પોલીસ પાડોશીએ દાદાગીરી કરીને દરવાજો તેમજ બારી મુકી છે. વૃદ્ધ નાગરીક જણાવે છે કે અમારા પ્લોટમાં તેમનો કોઈ હક કે હિસ્સો નથી તેમજ અમારા અને તેઓના પ્લોટના માલિકો પણ જુદા છે. આ નાગરીકને પરેશાની ઓછી હોય તેમ બીજા પાડોશીએ પણ શેડનું પાણી તેમના કંમ્પાઉન્ડમાં પડે તે રીતનો ઢાળ આપતા વૃદ્ધ હેરાન પરેશાન થઈ ગયા છે. વૃદ્ધ નાગરીકે પોતાને પડતી અડચણો દુર કરવા પેથાપુર નગર પાલિકાના ચીફ ઓફીસર, તકરાર નિવારણ ફોરમ મામલતદાર, પાટનગર યોજના વિભાગ તેમજ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે. વધુમાં પ્રવિણભાઈ દવે જણાવે છે કે આ અંગે ટુંક સમયમાં યોગ્ય નિરાકરણ નહી આવે તો ગાંધીચિંધ્યામાર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગરના વતની અને આણંદ ખાતે અભ્યાસ કરતા રૂગ્વેદ ભુપેન્દ્રભાઈ પરમારે ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધો. ૧૦ (અંગ્રેજી માધ્યમ)ની પરીક્ષામાં ૯૯.૮૭ પર્સન્ટાઈલ (૯૨.૬૬) ટકા ગુણ સાથે એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરી આણંદ જિલ્લામાં પ્રથમ ક્રમાંક હાંસલ કરી ગાંધીનગર અને તેમના સમાજનું ગૌરવ વધાર્યુ છે. રૂગ્વેદ ગાંધીનર ખાતે રહેતા સામાન્ય વહીવટ વિભાગના નિવૃત્ત સેકશન અધિકારી ચતુરભાઈ પરમારના પૌત્ર છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભારત નામે દેશનાં એક લીડર અહીં પહોંચી ગયા છે હવે આપણે આવાને આવા નહીં રહીએ...!!

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર સે. ૧૯ જીમખાના દ્વારા ૧૨મી જુનથી ૨૧મી જુન દરમ્યાન યોગ શિબિરનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર સચિવાલય સંકુલમાં આજે અકસ્માતનો બનાવ બનવા પામ્યો હતો.
- નૃત્ય કલા ગુરૂ નીરાબેન શાહના માર્ગદર્શન તળે ગાંધીનગરની છ દિકરીઓ આંકાક્ષા ઓઝા, દિત્સા રાઠોડ, જીયા પટેલ, નવ્યા નાયર, પ્રિયંકા પ્રજાપતિ અને કિના પુરોહિતનું આરંગેત્રમ ૮મીએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં પ્રવેશોત્સવની તૈયારી માટે આજે જિલ્લાની માધ્યમિક શાળાના આચાર્યોની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી બારડ તથા નાયબ જિલ્લા પ્રા. શાસનાધિકારી સંજય પરમાર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું.
- ગાંધીનગર શહેરમાં શાળાઓ સોમવારથી શરૂ થઈ રહી હોવાથી વાલીઓ દોડાદોડી કરતા નજરે પડી રહ્યા છે.
- દહેગામના હિંગળાજની મુવાડી ખાતેથી આજે વધુ ૩ સાદા ઝાડાના કેસ મળી આવ્યા છે.

# આજે ભાજપાની પ્રદેશ વક્તા કાર્યશાળા

ગાંધીનગર, તા. ૪

ભાજપા દ્વારા પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં 'પ્રદેશ વક્તા કાર્યશાળા' આવતીકાલે તા. ૫ મી જૂનના રોજ યોજાશે. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૫૦૦થી વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાનાર એક દિવસીય ''પ્રદેશ વક્તા કાર્યશાળા''માં રાષ્ટ્રીય મહામંત્રી મુરલીધરજી રાવ, એકાત્મ માનવદર્શન અનુસંધાન સંસ્થાના અધ્યક્ષ ડૉ. મહેશચંદ્ર શર્માજી, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી. સતીષજી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહીને ભાજપા ઈતિહાસ-વિકાસ, સૈદ્ધાંતિક અધિષ્ઠાન, બંને સરકારોની ઉપલબ્ધિઓ, સંગઠન-સરકારમાં કાર્યકર્તા તરીકેની ભૂમિકા વિગેરે વિષયો પર માર્ગદર્શન આપશે.

આ કાર્યશાળામાં પ્રદેશ કોર ટીમના સભ્યો, પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશમાં રહેતા કેન્દ્ર સરકારના મંત્રીમંડળના સભ્યો, રાજય સરકારના મંત્રીમંડળના સભ્યો, મુખ્ય દંડક, નાયબ દંડક, ઉપદંડક, સંસદીય સચિવો, પ્રદેશ મોરચાના પ્રમુખો, જિલ્લા/મહાનગરના પ્રશિક્ષણ વર્ગના વ્યવસ્થા ઈન્ચાર્જ, ઝોન સઃ વ્યવસ્થા ઈન્ચાર્જશ્રી તેમજ દરેક જિલ્લામાંથી નિશ્ચિત કરેલ કાર્યકર્તાઓ સાથે કુલ ૫૦૦થી વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

## સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આગામી તા. ૬ જૂનને સોમવારના રોજ સાંજે ૫ કલાકે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સે-૨૧ના નમન એપાર્ટમેન્ટ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યુંછે. અનેકવિધ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. બેઠકમાં સંસ્થાના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા મહામંત્રી નિરંજન ઓઝાએ અનુરોધ કર્યો છે.

# મીઠા ઉદ્યોગને વેટમાંથી મુકિત

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં વિકાસ પામેલા મીઠા ઉદ્યોગ પર વેટ લગાવવાની ગુજરાત સરકારની દરખાસ્ત બાદ મીઠા ઉદ્યોગ સાથે જોડાયેલા સંગઠનોએ કરેલી ધારદાર રજુઆતને ગુજરાત સરકારે ધ્યાને લઈ પ્રસ્તાવિત વેટમાંથી સમગ્ર ઉદ્યોગને મુકિત આપવામાં આવી છે. રાજય સરકારના આ ત્વરિત નિર્ણય માટે ભાવનગર ડીસ્ટ્રીકટ સોલ્ટ મેન્યુફેકચરર એસોસીએશન આનંદની લાગણી અનુભવે છે.

તાજેતરમાં ગુજરાત સરકારના બજેટમાં મીઠા ઉદ્યોગ ઉપર વેટ લગાવવાની દરખાસ્ત કરાઈ હતી તે અંગે મીઠા ઉદ્યોગમાં ઘણા ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. નાના અગરીયાઓ તથા અંતરીયાળ વિસ્તારમાં રહેલ અગરોમાં વેટ અંગેના ફોર્મસ, પત્રકો તથા ઓન-લાઈન ચલણો મેળવવાનું અશકય હતું. આ અંગે નમક સત્યાગ્રહ સમિતિની રચના શ્રી બચુભાઈ આહીરની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. જેમાં ભાવનગર ક્ષેત્રના પ્રતિનિધિ તરીકે શ્રી સંતોષભાઈ કામદાર હતા. આ સમિતિએ સરકારના વિવિધ વિભાગોમાં તથા પ્રદેશ અધ્યક્ષશ્રીને રૂબરૂ રજુઆત કરેલ જેના પરિણામે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મીઠા ઉદ્યોગની મુશ્કેલી પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વિચારને અંતે આ પ્રસ્તાવિત વેટમાંથી સમગ્ર ઉદ્યોગને મુકિત આપવામાં આવી છે. ઉપરોકત કાર્યમાં ભાવનગરનાં ધારાસભ્યશ્રી વિભાવરીબેન દવેએ સત્યાગ્રહ સમિતિના સભ્યો સાથે રહીને સરકારશ્રીમાં રજુઆત કરી તથા શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા પણ ભારપૂર્વક રજુઆત થઈ હતી. જેનો એસોસીએશન આભાર વ્યકત કરે છે.

ભાવનગર ડીસ્ટ્રીકટ સોલ્ટ મેન્યુફેકચરર એસોસીએશન આ તબકકે કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના આ ઉદ્યોગના વિકાસ પ્રત્યેના અભિગમની સરાહના કરી આભાર વ્યકત કરે છે.

## માણસા ખાતે નિઃશુલ્ક ચામડીના રોગોનો કેમ્પ

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદી માં નો વડલો માણસા ખાતે આગામી તા. ૫ જૂનને રવિવારના રોજ બપોરના ૨ થી ૬ કલાક દરમિયાન ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પનું વિના મૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં અમદાવાદના ચામડી, ગુપ્તરોગો, રકતપિત્તો, કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ સેવા આપશે. ચામડીના રોગોના દર્દીઓએ લાભ લેવા માટે સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસનો સંપર્ક સાધી ૨ થી ૬ કલાક દરમિયાન રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.

